
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કર્ક**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર - સૂર્યની પ્રતિ યુતિ એ પૂર્ણિમમા યોગનું સર્જન કરેલ છે જે ઉત્તમ છે. ત્રીસમીએ રાહુ સિંહમાં પ્રવેશ કરશે. ચાંડાલ યોગ થાય છે.**

**મેષ** દસમે સૂર્ય ઉત્તમ યોગ છે. નોકરી વ્યવસાયના ક્ષેત્રે પદોન્નિત કરાવે. સાતમે મંગળ - આઠમે શનિની પનોતીને કારણે કોઈ સાહસ ન કરવું.

**વૃષભ** સામાજિક જવાબદારીઓ ધીરે ધીરે ઓછી થશે - આર્થિક પ્રશ્નો ધીમે ધીમે ઓછા છશે. દિવસ આનંદમાં પસાર થાય.

**મિથુન** તમારા વ્યવસાયિક કાર્ય ક્ષેત્રમાં તમો ચમત્કાર કરશો - દિવસ સારી રીતે પસાર થશે. કૌટુંબિક મુશ્કેલીઓ હલ થઈ જશે.

**કર્ક** શત્રુઓ તમારો લાભ ન ઉઠાવી જાય તેની તકેદારી રાખશો - સાથે રહેતા મિત્રો તમારો ઉપયોગ કરતાં અચકાશે નહીં - સાવધાની રાખશો.

**સિંહ** ચોથે શનિની અઢી વર્ષની પનોતી ચાલતી હોઈ માત-પિતાના સ્વાસ્થ્ય અંગે કાળજી રાખવી - શનિદેવ - હનુમાનજીની પૂજા કરવી - ઈષ્ટ દેવની ભક્તિ કરવી.

**કન્યા** ટૂંક સમયમાં તમારા માટે પ્રગતિમનો પથ ખુલશે અને તમો ન ધારેલી પ્રગતિ અને સફળતા પામશો - હવે ડરપોકપણું છોડવાનો સમય આવેલ છે.

**તુલા** શનિની સાડાસાતી ચાલે છે. અંતિમ તબક્કામાં ઉતરતી છે. એકાદ લાભ આપી જાય. બપાકી તો શનિ દેવ - હનુમાનજીની ભક્તિ કરવી.

**વૃશ્ચિક** શનિની સાડાસાતી ચાલે છે - મધ્યભાગના તબક્કામાં તંદુરસ્તી સાચવવી - વ્યસનોથી દૂર રહેવું - મનોબળ મજબૂત રાખવું.

**ધન** શનિની સાડાસાતી ચાલે છે - પ્રથમ તબક્કામાં છે - હજુ છ વર્ષની પનોતીનો સમય કાઢવાનો બાકી છે. રાજકીય ક્ષેત્રે - ન્યાયિક ક્ષેત્રે પ્રગતિ થાય.

**મકર** જમીન - મકાનના તેમજ રાજકારણમાં હોય તેને પ્રગતિના પ્રશ્નો હલ થાય અને આનંદના સમાચાર મળે. ક્રોધ - આવેશ - ગુસ્સાને કાબુમાં રાખો.

**કુંભ** અગિયારમે બુધ - શુક્ર તમારે માટે કોર્ટના કેસના ચુકાદા તરફેણમાં લાવે તેવા યોગ છે. વકીલાતના વ્યવસાયમાં હોય તેના માટે આજનો દિવસ ઉત્તમ છે.

**મીન** લાગણીઓમાં ખેંછાસો નહીં પરંતુ બુદ્ધિનો ઉપયોગ કરી આગળ વધશો તો ઘણા મોટા લાભ થશે - કર્ક રાશિના જાતક - મિત્રથી લાભ થાય.

# નેતાજીની વધુ ૧૦૦ ફાઈલોની ડિજિટલ કોપી જાહેર

## નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૯મી જયંતિના પ્રસંગે ફાઇલો જારી : હવે દર મહિને ૨૫-૨૫ ફાઇલોને જાહેર કરવા માટે નેશનલ આર્ચિવ્સ ઓફ ઇન્ડિયાની યોજના : નેતાજી સાથે જોડાયેલા પત્રો પર પોર્ટલ પણ લોંચ કરાયા




નવીદિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૯મી જયંતિના પ્રસંગે તેમની સાથે સંકળાયેલી ૧૦૦ ફાઈલો જારી કરી હતી. તેમની આ ફાઈલો જારી કરતી વેળા વડાપ્રધાને અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. મોદીએ નેતાજી સાથે જોડાયેલી ફાઈલોની ડિજિટલ કોપી જારી કરી હતી. નેતાજીના પરિવારના સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ ફાઈલોને નિહાળ્યા બાદ નેતાજીના પરિવારના સભ્યો રડી પડ્યા હતા. સ્વતંત્રતા સૈનાનીની આજે ૧૧૯મી જયંતિ હતી. નેશનલ આર્ચિવ્સ ઓફ ઈન્ડિયા (એનએઆઈ) દ્વારા હજુ સુધી ૨૫ ફાઈલોની ડિજિટલ કોપી દર મહિને જારી કરાઈ રહી છે. મોદીએ નેતાજીના પરિવારના સભ્યો સાથેની વાતચીતમાં ગયા વર્ષે ૧૪મી ઓક્ટોબરના દિવસે જાહેરાત કરી હતી કે સરકાર નેતાજી સાથે જોડાયેલી તમામ ફાઈલોને જારી કરશે. લોકોને તેમના સંદર્ભમાં માહિતી મળે તે હેતુસર ફાઈલો જારી કરવામાં આવશે. આ ફાઈલો જે જારી કરવામાં આવી છે તે નેતાજીના રહસ્યમયરીતે લાપત્તા થવાના સંદર્ભમાં વિગતો બહાર આવી શકે છે. નેતાજીના મોતને લઈને ઘણા પ્રશ્નો હજુ સુધી ઉકેલાઈ શક્યા નથી. નેતાજીના અવસાનના સાત દશક બાદ પણ કેટલાક પ્રશ્નો અકબંધ રહ્યા છે. આજે જે ગુપ્ત ફાઈલો જારી કરવામાં આવી હતી જેના કારણે તેમના જીવન સાથે જોડાયેલા વિવાદોને પણ જાણી શકાશે. ગુપ્ત ફાઈલો જારી કરવામાં આવ્યા બાદ જે વિગતો આવી છે તે મુજબ કોંગ્રેસ નેતાજીની પુત્રીને છ હજાર રૂપિયા વાર્ષિક આપતી હતી.

## હડિયોલના યુવાને કરેલી આત્મહત્યાનો ભેદ ઉકેલવા માંગ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર તાલુકાના હડિયોલ ગામના ૨૩ વર્ષીય યુવાને વીસેક દિવસ અગાઉ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી દેવાની ઘટના સંદર્ભે હિંમતનગ એ-ડીવીઝન પોલીસે અકસ્માતે મોત અન્વયે કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી. પરંતુ પોલીસતંત્રની તપાસ કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરી હડિયોલ ગામના વણકર સમાજના લોકોએ સમાજના આગેવાનોને સાથે રાખી શુક્રવારે યુવકની આત્મહત્યાનું રહસ્ય બહાર લાવવા અંગે જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર આપ્યું હતું.

સાબરકાંઠા જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય કાન્તિભાઈ પરમાર, પંકજભાઈ પરમાર, કાનાભાઈ મકનાભાઈ સહિત હડિયોલના વણકર સમાજના લોકોએ શુક્રવારે જિલ્લા પોલીસવડા પી.એલ. માલને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર હડિયોલ ગામના ધવલ પ્રભુદાસ વણકરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કર્યાને ૨૩ દિવસ વિતવા છતાં એ-ડીવીઝન પી.આઈ. ડોડીયાએ સ્યુસાઈડ નોટમાં આરોપીઓના નામ હોવા છતાં ફરિયાદ ન નોંધ્યાનો આક્ષેપ કરાયો છે અને આત્મહત્યાના આ પ્રકરણમાં સ્થાનિક પોલીસ પાસેથી તપાસ લઈ લોકલ ક્રાઈમ બ્રાન્ચને સોંપવા આવેદનપત્રમાં આગેવાનો દ્વારા માંગણી કરાઈ છે.

સમાજના આગેવાનોએ જિલ્લા પોલીસવડા સમક્ષ કરેલી રજુઆતમાં મૃતકના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ અને ધમકીભર્યા મેસેજની ચકાસણી કરાવી ન્યાયિક તપાસની માંગણી કરી છે.

## સોમનાથ મંદિર ભવ્ય રોશનીથી ઝળહળી ઉઠ્યું

અમદાવાદ, તા.૨૩

સોમનાથમાં માન મુખ્યમંત્રી સ્વાતંત્રપર્વની ઉજવણીના ભાગરૂપે અગાઉથી ઉપસ્થીત થનાર હોય, જેને લઈ અનેક વિધ આયોજનો કરવામાં આવેલ છે. રસ્તાઓ શુશોભીત કરવામાં આવેલ છે. સોમનાથ મંદિરને એલ ઈ ડી લાઈટીંગ થી શુશોભીત કરાયેલ છે. સોમનાથમાં ઐતિહાસિક ધરોહરોને લાઈટીંગથી શુશોભીત થયેલ છે. સ્થાનીકો સી એમની ઉપસ્થિતીને લઈ એક અનેરો ઉત્સાહનો માહોલ જોવા મળી રહેલ છે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સરકારીના સહયોગથી લોકોનો ઉત્સાહ યથાવત રાખવી અનેકવિધ આયોજનો કરાયા છે. જે અંતર્ગત તા.૨૪.૦૧.૨૦૧૬ના ભાલકા તિર્થ ખાતે શૌર્યદિવસ ઉજવણીના ભાગરૂપે શૌર્યડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. જેમનો પ્રારંભ રાજયમંત્રી જશાભાઈ બારડ દ્વારા દિપપ્રાગટયથી થશે. જેમાં સુપ્રસિદ્ધ લોકગાયક ઓસમાણ મીર દ્વારા લોકોને દેશભક્તિ સુફીસાહિત્ય ભજનોથી લોકોને સંસ્કૃત્તિની અભિભુતી કરાવશે. તા. ૨૫.૧.૨૦૧૬ના રોજ સોમનાથ મંદિર ખાતે ૫-૧૫ કલાકે સી એમ દ્વારા ગીરસોમનાથ જીલ્લાની વૈવિધાતા સભર પ્રદર્શની તથા સોમનાથની થ્રીડી પ્રદર્શનનું ઉદ્ઘાટન મંદિર પરિસર સરદાર ચોક ખાતે ઈતિહાસને જીવંત રાખતી હેરીટેજ વોકને પ્રસ્થાન કરવામાં આવશે જેમાં ગીરસોમનાથ જીલ્લાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ તથા પોલીસ કેડેટસ જોડાશે. તા.૨૫.૧.૨૦૧૬ના ત્રિવેણીસંગમ ખાતે સંસ્કૃત્તિ દેશભક્તિ ધાર્મીકતાના ત્રિવેણી સંકલ્પ સ્વરૂપે ત્રિવેણીમાતાની મહાપુજા અને મહાઆરતિ સી એમ દ્વારા કરવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં સ્થાનીકો તીર્થપુરોહિતો તેમજ ધર્મપ્રેમી જનતા જોડાશે. રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે ભગવાન સોમનાથ મહાદેવને તા. ૨૪,૨૫ જાન્યુ ૨૦૧૬એ વિશેષ ત્રિરંગી પુષ્પોનો શ્રૃંગાર કરવામાં આવશે. આ આયોજનમાં ઉત્સાહભેર સમયસર ઉપસ્થીત રહેવા સૌ જનસામાન્યને સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભાવભર્યુંનિમંત્રણ આપવામાં આવે છે.



## હિંમતનગરમાં ચોરી અને લૂંટની બનેલી બે ઘટનાથી શહેરીજનોમાં ભય

હિંમતનગરમાં ગુરૂવારે બપોરના ૧ થી ૨ વાગ્યાના સમયગાળા દરમિયાન જુદા જુદા વિસ્તારમાં ચોરી અને લૂંટની બે ઘટનાઓ બનવા પામી હતી. જૂની સ્ટેટ બેંક આગળ ૨૦થી ૨૫ વર્ષનો કોઈ શખ્સ બાઈકચાલકને ધક્કો મારી નીચે પાડી દઈ રૂ. ૨.૫૭ લાખથી વધુની મત્તાના સોનાના દાગીના ભરેલ પર્સ ઝુંટવી ભાગી છુટ્યો હતો. જ્યારે સહકારી જીન રોડ પરના એક પાન પાર્લર પાસેથી અલ્ટો કારમાંથી કોઈ ગઠિયો ઓફિસ બેગ તફડાવી ભાગી છુટતા બંને ઘટનાઓ સંદર્ભે એ અને બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પોલીસે ગુના દર્જ કર્યા હતા. પોલીસે પર્સ લૂંટી ભાગી ગયેલા શખ્સને બી-ડીવીઝન પોલીસે ગુરૂવારે રાત્રે ઝડપી લીધો હતો. શુક્રવારે કોર્ટમાં રજુ કરતા તેના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

વિગત અનુસાર વિજાપુર તાલુકાના મંડાલી ગામના રહીશ બાબુલાલ માધવલાલ પટેલ બપોરના એકાદ વાગ્યાના સુમારે મોટરસાયકલ સાથે બજાર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ૨૦થી ૨૫ વર્ષની વયના કોઈ શખ્સે બાબુલાલ પટેલને ધક્કો મારી બાઈક સાથે નીચે પાડી દીધા હતા અને તેમની પાસેનું રૂ. ૨,૫૭,૫૦૦ની કિંમતના સોનાના દાગીના મુકેલુ કાળા રંગનું પર્સ ઝુંડવી ભાગી છુટ્યો હતો. ધોળા દિવસે બનેલી લૂંટની ઘટના સંદર્ભે બાબુલાલ પટેલે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે લૂંટનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી છે.

## લગ્નની લાલચે રાજસ્થાનના વેપારી પાસેથી ઠગ ટોળકીએ ૧.૯૦ લાખ ખંખેર્યા

હિંમતનગર, તા. ૨૨

રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના બબોરા ગામે રહેતા ૩૨ વર્ષીય વેપારી યુવાનને આ જ ગામના એક શખ્સ સહિત આઠ સાગરિતોએ મળી ગત ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ લગ્નની લાલચમાં હિંમતનગર ખાતે છોકરી બતાવી લગ્ન કરાવી અપાવવાના વાયદે રૂ. ૧.૯૦ લાખની મત્તા પડાવી લેવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે. છેતરપિંડી કરનાળ ટોળકીએ યુવાન સાથે વિશ્વાસઘાત કરી લગ્ન તો દૂર રહ્યા પરંતુ લીધેલા નાણાંય પરત ન કરતા ખાલી ખિસ્સે અને લીલા તોરણે રાજસ્થાન પાછા ફરેલા વેપારીને છેવટે પોલીસ શરણું શોધવાનો વારો આવ્યો છે.

લગ્નની લ્હાયમાં ઠગ ટોળકીનો શિકાર બનેલા યુવાનની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના બબોરા ગામે હેતા ૩૨ વર્ષીય યુવાન વિજયરાજ માંગીલાલ મહેતા ગામમાં જ કરિયાણાની દુકાન ચલાવી રહ્યા છે. દુકાને આવતા ગામના જ ભંવરસિંહ સોહનસિંહ ચૌહાણ સાથે પરિચય હોઈ તેણે એકાદ વર્ષ પહેલા ફેબ્રુઆરીમાં લગ્ન કરાવી અપાવવાની વાત કરી હતી. જેમાં તેના બનેવી નારાયણસિંહ રાજપુતને (રહે. તાણા(આંકોલા) કપાસણ, ચિત્તોડગઢ) ગામના ગોપાલદાસ સાધુ અને તેના પિતા મોહનદાસ સાધુ બંને જણા ગુજરાતમાં રહેતા હોય તેમના પરિચયમાં એક છોકરી છે. જેની સાથે તારા લગ્ન કરાવી આપીશું તેમ વિજયરાજને કહી વિશ્વાસ કેળવ્યો હતો અને મોહનદાસ સાધુ સાથે ફોન પર વાતચીત કરાવી છેલ્લે રૂ. ૨ લાખમાં લગ્ન કરાવી આપવાનું નક્કી કરાતા વિજયરાજ મહેતા અને ભંવરસિંહ બંને જણા ૨૫ ફએબ્રુઆરી ૨૦૧૫ના રોજ હિંમતનગર મોહનદાસ સાધુને મળવા હિંમતનગરના મોતીપુરા ખાતે આવ્યા હતા. જ્યાં મોહનદાસ સાધુને ઘરે રોકાયા બાદ બીજા દિવસે મોહનદાસ સાધુ, ભંવરસિંહ અને વિજયરાજ હિંમતનગર નજીકના સાંઈ મંદિર છોકરી જોવા ગયા હતા. જ્યાં ગોપાલદાસ અને અમરતલાલ નામના વ્યક્તિઓ છોકરી લઈને આવ્યા હતા. જે છોકરી પસંદ આવતા મોહનદાસ સાધુ અને ભંવરસિંહ બંનેએ વિજયરાજને પૈસાની વ્યવસ્થા કરવા જણાવતા વિજયરાજ અમદાવાદ ખાતે રહેતા બનેવી પાસેથી રૂ. ૨ લાખ લઈ બનેવી સાથે ૨૭ ફેબ્રુઆરીના રોજ હિંમતનગરના મોતીપુરા ખાતે આવ્યા હતા.દરમિયાનમાં સાગરિત ટોળકીએ વિજયરાજને છોકરી માટે કપડા, દાગીના ખરીદવાના હોઈ પૈસા આપવાનું જણાવતા તેણે મોહનદાસ સાધુને રૂ. ૧.૯૦ લાખ આપ્યા હતા. ત્યારબાદ છોકરી તથા તેણીના બેન-બનેવી, કાકા સાથે ગોપાલદાસ અને અમૃતલાલે વિજયરાજને ઉદયપુર જઈ બધાની રૂબરૂ કોર્ટમાં તમારા લગ્ન કરાવી દઈશુ તેમ કહી ગાડીમાં નીકળ્યા હતા. ટોલનાકા પાસેની એક હોટલમાં જમવા ઉભા રહ્યા બાદ લગ્નનું તરકટ રચનાર ટોળકી છુમંતર થઈ ગઈ હતી. જ્યારે મોહનદાસ અને ભંવરસિંહે હોટલ પરત આવી અમને વાહનમાંથી ધક્કો મારી નીચે ફેંક્યાનું તરકટ રચી વિજયરાજ મહેતા સાથે રાજસ્થાન પરત ઘરે ફર્યા હતા. વિજયરાજ મહેતાએ મોહનદાસ અને ભંવરસિંહ પાસે નાણાંની ઉઘરાણી કરતા ગલ્લા-તલ્લા કરતા હતા. જેથી વિજયરાજ મહેતાને લગ્નની લાલચમાં વિશ્વાસઘાત કરી તેની પાસેથી નાણાં પડાવી ટોળકીએ છેતરપિંડી કર્યાનો અહેસાસ થતા બુધવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આવી પોલીસ સમક્ષ સમગ્ર કથની બયાન કરી હતી. જેથી એ-ડીવીઝન પોલીસે વિજયરાજ મહેતાની ફરિયાદ આધારે ભંવરસિંહ સોહનસિંહ ચૌહાણ, નારણસિંહ, મોહનદાસ, ગોપાલભાઈ, અમરતલાલ, લગ્ન માટે આવેલી છોકરી એના બનેવી અને એના કાકા સહિત આઠ જણા વિરૂદ્ધ ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી છે.

### આતંકવાદીઓ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી છે. સીઆઈએ હાલમાં સિરિયા અને ઈરાકમાં આઈએસ દ્વારા ઉપયોગ કરવામાં આવી રહેલા સેંકડો કોમ્પ્યુટર અને સ્માર્ટ ફોનના આઈપી પર નજર રાખી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રજાસત્તાક દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે રાષ્ટ્રવ્યાપી દરોડાનો દોર હુમલાની દહેશત વચ્ચે હાથ ધરવામાં આવ્યો છે. એનઆઈએની ટીમે રાજ્ય પોલીસ દળો અને કેન્દ્રીય સુરક્ષા સંસ્થાઓની સાથે મળીને વ્યાપક દરોડા ગઈકાલે પાડ્યા હતા.. જેના ભાગરુપે પ્રતિબંધિત આઈએસ ત્રાસવાદી સંગઠનના ૨૦થી વધુ સહાનુભૂતિવાળા લોકોની ધરપકડ કરવામાં આવી છે. આઈએસ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનાર આ શખ્સોની ધરપકડ કરવામાં આવ્યા બાદઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ઝડપાઈ ગયેલા લોકોમાં જાતે બની બેઠેલા ચીફ અમીરનો સમાવેશ થાય છે. વિવિધ રાજ્યોમાં કાર્યવાહીનો દોર હાલ જારીરહે તેવી શક્યતા છે. તમામ ગુપ્ત અને શંકાસ્પદ સ્થળો પર દરોડા પડાઈ રહ્યા છે. આઈપી એડ્રસનો ઉપયોગ આઈએસ કમાન્ડર સાફી અરમાર દ્વારા કરાઈ રહ્યો છે. સાફીને કોડનેમ યુસુફ અલ હિંદી અપાયો હતો. તે આઈપી એડ્રસનો ઉપયોગ ભારતમાં અખલાખ ઉર રહેમાન જેવા અન્ય લોકો સાથે વાત કરવા માટે કરતો હતો. અખલાખને ત્રણ અન્યની સાથે હરિદ્વારમાંથી ધરપકડ કરી લેવામાં આવ્યા હતા. સીઆઈએ તેમની વચ્ચે થયેલી વાતચીત અને વોટ્સઅપ-ફેસબુક પર કરવામાં આવી રહેલા સંદેશાની આપલેની નોંધ લઈ રહ્યા હતા. જાન્યુઆરીના મધ્યમાં યુસુફ અને અખલાખ વચ્ચે એક સંદેશાની આપલે થઈ હતી જેમાં સાત કલસ રખ દો જેવા શબ્દનો ઉપયોગ થયો હતો. આનો મતલબ સાત જગ્યાએ બોંબ મુકી દેવાની વાત હતી. બી કોડ કરવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી હતી. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલને પણ માહિતી આપવામાં આવી હતી. આ સંદેશા કલાકોના ગાળામાં જ શકમંદોના સંદર્ભમાં હરિદ્વાર મોકલી દેવામાં આવ્યા હતા.

### શીતલહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઋતુમાં નાટયાત્મક રીતે હવામાનમાં ફેરફાર નોંધાતા રોજબરોજ લઘુત્તમ અને મહત્તમ પારામાં નોંધપાત્ર વધઘટ જોવા મળી રહી છે આજે ઠંડીનો પારો ૭.૨ ડી ગ્રીએ પહોંચતા શહેરીજનોએ ફરિ આક્રમક ઠંડી વેઠવાનો વારો આવ્યો હતો. વ્હેલી સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઠંડી વર્તાતા સવારે મોર્નિંગ વોક કરવા જતા નાગરિકોની પણ પાંખી હાજરી જોવા મળી હતી. જયારે ઠંડીના આકરા ચમકારાના લીધે સાંજ ઢળતા જ શહેરીજનો પણ કામ સિવાય બહાર જવાનુ ટાળતા માર્ગો પર સન્નાટો જોવા મળ્યો હતો. આક્રમક કોલ્ડ વેવના લીધે શ્રમજીવીઓ પણ દયાજનક હાલતમાં મુકાઈ ગયા છે. ઠંડીથી રક્ષણ મેળવવા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે શ્રમજીવીઓ પણ તાપણુ કરીને ઠંડીથી રક્ષણ મેળવી રહયા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ સવારે ૫૨ અને સાંજે ૨૯ ટકા નોંધાયુ હતુ.

### બેઠક યોજાવી જોઈએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને આ પ્રસ્તાવના અમલીકરણ માટે અધ્યક્ષોએ જે તે રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરી અમલીકરણ થાય તે માટેના પ્રયાસો કરાશે.

તેમણે જણાવ્યું હતું કે લોકસભામાં અને વિધાનસભામાં સભ્યો દ્વારા ગેરવર્તણુંક કરીને હંગામો કરવામાં આવે છે. જેનાથી પ્રજામાં જનપ્રતિનિધિઓ પ્રત્યેનો ભાવ બદલાયો છે. આથી પ્રજામાં વિશ્વાસ બેસે તે માટે સભ્યોએ તેમના વ્યવહારમાં બદલાવ લાવવાના પ્રયાસો કરવા જોઈએ જેથી પ્રજામાં વિશ્વાસ વધુ મજબૂત બને.

તેમણે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સમાં એવું પણ સૂચન મળ્યું છે કે જે સભ્ય ગૃહમાં હંગામો કરે કે ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડે તો તેને ગૃહમાંથી સસ્પેન્ડ કરવા અથવા તેમનું વેતન કાપવા જેવા પગલા ભરવા જોઈએ.

વિધાનસભાની વિવિધ કમીટીઓને વધુ સક્ષમ બનાવવા અને કમિટીઓના અહેવાલો પર ચર્ચા થાય તે માટે પણ આ કોન્ફરન્સમાં ચર્ચાઓ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે ગૃહમાં થતાં હંગામાને અખબારોમાં પહેલા પાને સ્થાન અપાય છે તેમ ગૃહમાંથી થતી મહત્વની ચર્ચાને પણ યોગ્ય સ્થાન અપાય તે માટે વિધાનસભાના અધ્યક્ષોને મીડીયા સાથે ચર્ચાઓ કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

### મોરપીંછના રંગ

● ૪ પાનાનું ચાલુ...

પાંધી, ઘનશ્યામ દેસાઈ, મધુરાય વગેરે સર્જકોની વાર્તાઓના પુસ્તકો અકાદમીમાં મળે છે તો વળી વિદેશમાં વસતા ગુજરાતી સર્જકોની ‘ડાયસ્પોરિક વાર્તાઓ’ વિવેચન ક્ષેત્રે અકાદમીના ખુબ જ ઉત્તમ ગ્રંથો પ્રગટ થયા છે.

તાજેતરમાં પ્રગટ થયેલું લાભુબેન મહેતા લિખિત અને વર્ષા દાસ સંપાદિત ‘કલા અને કલાકાર’ જેવા અદ્ભૂત ગ્રંથમાં નાટ્ય, સંગીત, ચિત્ર અને શિલ્પ જેવી કલાઓના વિખ્યાત કલાકારોના ઈન્ટરવ્યું લેવાયેલા છે. જેમાં જયશંકર સુંદરી, પંડિત ઓમકારનાથ, બાલગંધર્વ, બિસ્મિલ્લાખાન, પંડિત રવિશંકર, સિતારાદેવી, પંડિત જસરાજ... વગેરે સાથેની રસપ્રદ વાતચીત જોવા મળશે.

આ ઉપરાંત હિંદી સાહિત્યના, સંસ્કૃત સાહિત્યના પણ ખુબ ઉત્તમ પુસ્તકો અકાદમી દ્વારા પ્રગટ થયા છે અને આપણને આપણા જ શહેરમાં આવેલી સાહિત્ય અકાદમીના આ સાહિત્યિક પ્રદાનની ખબર જ નથી. આપણા ઘરમાં બે પાંચ સારા પુસ્તકો હશે તો કયારેક આપના જ બાળકોના ધ્યાને આવશે અને કંઈક વાંચશે તો શક્ય છે કે જીવનમાં સારા સંસ્કાર ઉતરશે એ નક્કી છે બાકી મોબાઈલ ઈન્ટરનેટથી શું થવાનું છે તે આપણે સૌ જોઈએ છીએ. મારું તો સપનું છે કે ગાંધીનગરના પ્રત્યેક ઘરમાં અકાદમીના પાંચ પુસ્તકો હોવા જ જોઈએ - અસ્તુ

### રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

આર્થિક આંકડાઓની અસર વિશ્વભરના શેરબજારોમાં પડેલી એ જોતા એ નક્કી કરવું મુશ્કેલ છે કે આતંક સહિતની વિવિધ મુશ્કેલીઓ સામે જજુમી રહેલા વિશ્વના દેશો ચીનની વધુ ગગડતી આર્થિક સધ્ધરતાને સહન કરી શકશે કે નહિ????. રાજનૈતિક સંકટોના સામના કરી રહેલા ભારત સહિતના દેશો વાયા ચીન આવી રહેલી મંદી પર ચાંપતી નજર તો રાખી રહ્યા છે જ પણ શુ ૨૦૧૬માં વૈશ્વિક બજારો અને અર્થવ્યવસ્થા ચાઈનાગેટ બંધ કરીને મંદીના માહોલ ને ખાળી શકશે...?? વેઈટ એન્ડ વોચ...!!

- akurjt@gmail.com

**વિસામો :** ચીનની આર્થિક વ્યવસ્થા ડખ્ખે ચડે તો નુકશાનની સાથેસાથે ભારતના એક સેક્ટરને ફાયદો પણ થઈ શકે છે અને એ છે મોટાભાગે ચીનમાં બનીને આયાત થતા ઈલેકટ્રોનીક્સ ઉપકરણો...સ્પેશિયલ મોબાઈલ ને લેપટોપ...!!!

**ટચૂકડી જાહેર ખબર**

**તાત્કાલિક વેચવાનું છે**

ટેનામેન્ટ, સે.૪/એમાં, ૯૦ મીટરમાં વેચવાનું છે.
સંપર્ક
મો. ૯૮૯૮૮ ૦૭૧૪૮
મો. ૯૮૨૫૫ ૨૬૯૭૯

**અંગ્રેજી / ચેસ**

અંગ્રેજી લખતા
અને વાંચતા શીખો
ચેસ રમતા શીખો
સંપર્ક
મો. : ૯૮૨૫૨ ૮૫૬૪૪

**ઈ-ટેન્ડરીંગ નિવિદા નં.૬ સને ૨૦૧૫-૨૦૧૬**

**(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવ પત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨૫૯૫૧૮) દ્વારા વિજળીકરણને લગતા (૩) કામોની અંદાજીત કિંમત રૂ. ૯૯૪૫૯.૭૫ થી ૨૯૯૬૩૬.૭૦ સુધીની છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારોશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડરો દસ્તાવેજો વેબસાઈટ https://rnb.nprocure.com ઉપર તા. ૪/૨/૨૦૧૬, ૧૬.૦૦ કલાક સુધી ડાઉલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૩૯૫/૨૦૧૫-૧૬